# શ્રી છોતેર ગોળ દરજી કેળવણી મંડળ

( પબ્લિક ટ્રસ્ટ રજી.નં:એ/૭૬૯ )

Website:https://www.shri76goldarjikelavanimandal.com

## કોરોના વોરીયર્સ-૨

*વ્હાલા જ્ઞાતિજનો,* *તા.૧૧.૦૫.૨૦૨૦*

*નમસ્કાર,*




બળવંતકુમાર બાબુલાલ દરજી (દેવડા) હાલ પેથાપુર,ગાંધીનગર ખાતે રહે છે.તેઓ ૩૮ વર્ષનાં છે. GVK EMRI EMERGENCY (108) માં ટેકનીશીયન તરીકે છેલ્લા ૪ વર્ષથી જોબ કરે છે. તેમણે અભ્યાસ માં એમ.એ.કરેલ છે. છે.તેમનું મુળ વતન દેવડા, (કુકરવાડા પાસે),તા:વિજાપુર, જી:મહેસાણા છે.તેમનાં પિતાશ્રી સ્વ.બાબુલાલ વરવાદાસ દરજી અને તેઓ શ્રી રમેશભાઇ આત્મારામ દરજી (પેથાપુર) પેથાપુર નાં જમાઇ છે. તેઓ ૧૦૮ ની એમ્બ્યુલન્સ ટીમ દ્વારા કોરોના સસ્પેકટેડ દર્દીઓને કોવિડ-૧૯ હોસ્પિટલ ખાતે પહોંચાડવાની સેવા આપે છે.બળવંતભાઇ નાં લગ્નને એક જ વર્ષ થયું છે.તેઓ તેમનાં પત્ની અને માતા સાથે પેથાપુર ગામે રહે છે.ગાંધીનગર જીલ્લામાં ૧૦૮ ઇમરજન્સી સેવાની કુલ ૧૩ એમ્બ્યુલન્સ કાર્યરત છે તે પૈકી કોરોના કોવિડ-૧૯ પોઝિટીવ કેસનાં દર્દી ઓ માટે જે એક એમ્બ્યુલન્સ નિયત કરવામાં આવી છે તેમાં એક ઇએમટી અને એક પાયલોટ મળીને બે જણની ટીમ એમ કુલ બે ટીમો વારાફરતી ૨૪ કલાક દરમિયાન કાર્યરત છે.કોરોના પેશન્ટને હોસ્પિટલ સુધી પહોંચાડવાના હોવાથી તેમને સંક્રમણનો ખતરો રહે છે જેનાથી બચવા માટે તેઓ પીપીઇ કીટ નો ઉપયોગ કરે છે.આ પીપીઇ કીટ દરેક પેશન્ટ વખતે નવી જ વાપરવાની હોય છે.તે કીટ ડિસ્પોઝેબલ હોવાથી જેવો દર્દી હોસ્પિટલ માં દાખલ થઇ જાય એટલે તેઓ નિર્દેશિત કરેલ યલો બેગ માં પેક કરીને હોસ્પિટલ કેમ્પસ માં રાખેલ અલગ ગાડીમા મુકી દેવામાં આવે છે. કોવિડ-19 ઇમરજન્સી સેવા માટે બળવંતકુમાર બાબુલાલ દરજી ની નિમણુંક કરેલ છે તે આપણાં સમાજ માટે આ એક ગૌરવ લેવા જેવી બાબત છે. શ્રી છોતેર ગોળ દરજી કેળવણી મંડળ તેમની આ સેવા બદલ તેમનો આભાર માને છે અને સાથેસાથે પોતાનું અને પોતાનાં પરિવાર નું પણ દયાન રાખવાનું સુચવે છે. લોકડાઉન ની પરિસ્થિતિમાં આપણે તેનું ઉલ્લંઘન કરીએ છીએ ત્યારે તે પોતાનાં જીવની પરવા કર્યા વિના કોરોના સસ્પેકટેડ દર્દીઓને હોસ્પિટલ પહોંચાડવાની સેવા કરી રહેલ છે.

મિત્રો, “શ્રી છોતેર ગોળ દરજી કેળવણી મંડળ” જ આપણી એક એવી સંસ્થા છે કે જેનાં દ્વારા આપણાં બાળકોને શિક્ષણ પ્રત્યે પ્રોત્સાહિત કરવામાં આવે છે. બાળકો આવતીકાલ નું ભવિષ્ય છે.તેમને ભણાવો,ઉચ્ચ શિક્ષા અપાવો.બળવંતભાઇ દરજી ની આ પ્રકારની સેવા ને ’શ્રી છોતેર ગોળ દરજી કેળવણી મંડળ દ્વારા બિરદાવવામાં આવે છે સાથેસાથે પોતાનું અને પોતાનાં પરિવારનું પણ ધ્યાન રાખવાનું સુચન કરવામાં આવે છે. બળવંતભાઇ જેવા આપણાં સમાજ નાં બીજા ભાઇઓ જો આ પ્રકારની સેવા આપતા હોય તો તેઓ પણ પોતાનાં જોબ વિશેની પ્રોફાઇલ અમોને મોકલી આપે. આપની પ્રોફાઇલ અમોને કેળવણી મંડળનાં ઇ-મેલ info@shri76goldarjikelavanimandal.com અથવા મંત્રીશ્રી નાં મોબા.નં. **90999 90197** ઉપર મોકલી આપશો.અમો અવશ્ય તેને ધ્યાન માં લઇને પ્રસિધ્ધ કરીશું.

“શ્રી છોતેર ગોળ દરજી કેળવણી મંડળ” દરેક જ્ઞાતિબંધુઓને અપીલ કરે છે કે આપનાં કે આપનાં સ્વજન નાં દિકરા/દિકરી આ પ્રકારનાં કાર્ય કરતા હોય તો અમોને જણાવશો.અમો તેમને ઉત્સાહિત કરવા પ્રયત્ન કરીશું.
ઘરમાં રહો,સ્વસ્થ રહો.

*લી.*

| | |
|---|---|
| *મનોજકુમાર પ્રવિણચંદ્ર (ઇસંડ) કલોલ* | *જીગ્નેશકુમાર નારણદાસ (પેથાપુર)અમદાવાદ* |
| *(પ્રમુખ)* | *(મંત્રી)* |